પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

********************************************************

1. **પશ્ચિમ બંગાળમાં બે બેઠકોના 15 બૂથ પર શાંતિપૂર્ણ માહોલમાં પુનઃ મતદાન ચાલી રહ્યું છે – પ્રથમ બે કલાકમાં 16 ટકાથી વધુ મતદાન.**
2. **સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચના મતગણતરી નિરીક્ષકો તરીકે ફક્ત કેન્દ્ર સરકારના કર્મચારીઓની નિમણૂંક કરવાના નિર્ણયમાં દખલ કરવાનો ઇનકાર કર્યો.**
3. **લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ વર્ષ 2026-27 માટે ચાર સંસદીય સમિતિઓનું પુનર્ગઠન કર્યું.**
4. **પંજાબ પોલીસે રાજ્યસભાના સાંસદ સંદીપ પાઠક વિરુદ્ધ બિન-જામીનપાત્ર કલમો હેઠળ FIR દાખલ કરી.**
5. **IPL ક્રિકેટમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ સામે થશે.**

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩૦ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# WB REPOLLING

પશ્ચિમ બંગાળમાં બે વિધાનસભા બેઠકોના 15 બૂથ પર આજે ચાલી રહેલા પુનઃ મતદાનના પહેલા બે કલાકમાં 16 ટકાથી વધુ મતદાન થયું બંને વિધાનસભા મતવિસ્તારોમાંથી કોઈપણ ગેરરીતિના અહેવાલ નથી. મત ગણતરી 4 મેના રોજ થશે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ...

(VC: પૂજા બંગલ)

# SC - ELECTION COMMISSION

સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચના મતગણતરી નિરીક્ષકો તરીકે ફક્ત કેન્દ્ર સરકારના કર્મચારીઓની નિમણૂક કરવાના નિર્ણયમાં દખલ કરવાની ના પાડી છે. ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને જોયમલ્યા બાગચીની બેન્ચે નિર્દેશ આપ્યો કે પંચની માર્ગદર્શિકાનું કડક પાલન કરવામાં આવે. આ નિર્ણય તૃણમૂલ કોંગ્રેસ માટે મોટો ફટકો છે, જેણે આ પગલાને પડકાર્યો હતો.

સુનાવણી દરમિયાન ન્યાયાધીશ બાગચીએ જણાવ્યું હતું કે અધિકારીઓની પસંદગી ચૂંટણી પંચના અધિકારક્ષેત્રમાં છે. તેમણે ઉમેર્યું હતું કે એજન્ટો અને નિરીક્ષકો દરેક મતગણતરી કેન્દ્ર પર પહેલાથી જ હાજર છે. કમિશનના વકીલે સ્પષ્ટતા કરી હતી કે રિટર્નિંગ અધિકારીઓ રાજ્ય સરકારના કર્મચારી છે અને અન્ય અધિકારીઓની નિમણૂક માટે જવાબદાર છે. વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે સીસીટીવી ફૂટેજ સાચવવાનો આગ્રહ કર્યો હતો. પંચે અદાલતને જાણ કરી હતી કે આ ફૂટેજ 45 દિવસ સુધી સાચવવામાં આવશે.

અદાલતે પુનરોચ્ચાર કર્યો હતો કે ચૂંટણી પંચના પરિપત્રનું અક્ષરશઃ પાલન કરવું જોઈએ.

# OM BIRLA- PARL COMMITTEES

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ વર્ષ 2026-27 માટે ચાર સંસદીય સમિતિઓનું પુનર્ગઠન કર્યું છે. લોકસભાના ભાજપના સાંસદ ડૉ. સંજય જયસ્વાલને લોકસભાના 30 સભ્યો ધરાવતી અંદાજ સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. લોકસભાના ભાજપના સાંસદ બૈજયંત પાંડાને જાહેર ઉપક્રમ સમિતિના અધ્યક્ષ બનાવ્યા છે, જેમાં લોકસભાના 15 અને રાજ્યસભાના 7 સભ્યો હશે.

લોકસભાના કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલને જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમાં લોકસભાના 15 અને રાજ્યસભાના 7 સભ્યો હશે. લોકસભાના ભાજપના સાંસદ ફગ્ગન સિંહ કુલસ્તે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમાં લોકસભાના 20 અને રાજ્યસભાના 10 સભ્યો હશે. સમિતિઓનો કાર્યકાળ આગામી વર્ષના 30 એપ્રિલ સુધી રહેશે.

# INDIA-NEPAL MEETING

આગામી ચોમાસા પહેલા પૂરની આગાહી અંગે ચર્ચા કરવા માટે ભારત અને નેપાળ વચ્ચે આજે કાઠમંડુમાં એક બેઠક મળશે. ભારતીય પક્ષનું નેતૃત્વ બિહાર જળ સંસાધન વિભાગના મુખ્ય સચિવ સંતોષકુમાર માલ કરશે. આ બેઠક 30 એપ્રિલ અને પહેલી મેના રોજ કાઠમંડુમાં યોજાયેલી બે દિવસીય ભારત-નેપાળ સંયુક્ત સમિતિ ઓન કોસી અને ગંડક પ્રોજેક્ટ્સની બેઠકના સમાપન બાદ યોજાશે. બેઠકમાં બંને પક્ષો પાણી વ્યવસ્થાપન અને માળખાગત સુવિધાઓ સંબંધિત અનેક મુખ્ય મુદ્દાઓ પર સંમત થયા હતા.

નેપાળે પશ્ચિમ કોસી મુખ્ય નહેરના 35 કિલોમીટર લાંબા નેપાળી ભાગ તેમજ કોસી બેરેજ, ગંડક બેરેજ અને પશ્ચિમ મુખ્ય નહેરના કેટલાક ભાગોમાંથી અતિક્રમણ દૂર કરવા સંમતિ આપી છે. પશ્ચિમ કોસી મુખ્ય નહેરના પાળા પર ઇલેક્ટ્રિક થાંભલાઓને સ્થાનાંતરિત કરવા માટે પણ મંજૂરી આપવામાં આવી છે.

જળ સંસાધન વિભાગ દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર આ પગલાંથી કાર્યકારી પડકારો ઘટાડવા અને નહેર અને તેની ઉપનદીઓની જાળવણીમાં સુધારો થવાની અપેક્ષા છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલા સહયોગનો હેતુ પૂર વ્યવસ્થાપન પ્રક્રિયાને મજબૂત બનાવવા અને ચોમાસા દરમિયાન વધુ સારી તૈયારી સુનિશ્ચિત કરવાનો છે.

# US – EU TARIFF

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ  ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયન-EUમાંથી આયાત થતી કાર અને ટ્રક પર 25 ટકા ટેરિફ વધારવાની જાહેરાત કરી છે. આનાથી યુરોપ સાથે અમેરિકાના વેપાર તણાવમાં વધારો થયો છે.

ટ્રમ્પે યુરોપિયન ઓટોમેકર્સને તેમનું ઉત્પાદન અમેરિકામાં સ્થાનાંતરિત કરવા વિનંતી કરી.

સાંભળીએ અમારાં સંવાદદાતાનો  એક અહેવાલ...

(VC: MUKESH KUMAR BAL)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# US HEALTH AGREEMENT REJECTED

ઘાનાએ ડેટા ગોપનીયતાની ચિંતાઓને કારણે અમેરિકા દ્વારા પ્રસ્તાવિત આરોગ્ય સમજૂતી કરારને નકારી કાઢ્યો છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે ઘાના એક નવા કરારની માંગ કરી રહ્યું છે. ઘાનાના ડેટા સંરક્ષણ આયોગના પ્રમુખ આર્નોલ્ડ કાવારાપુઓએ જણાવ્યું હતું કે આ દરખાસ્તથી અમેરિકી સંસ્થાઓને પૂરતા રક્ષણાત્મક પગલાં વિના સંવેદનશીલ આરોગ્ય ડેટાની વ્યાપક ઍક્સેસ મળી હોત.

વિદેશ વિભાગના પ્રવક્તાએ કહ્યું કે અમેરિકા ઘાના સાથે સંબંધો મજબૂત કરવા માંગે છે પરંતુ દ્વિપક્ષીય વાટાઘાટોની વિગતો જાહેર કરી નથી. આ કરાર અમેરિકાની નવી 'અમેરિકા ફર્સ્ટ' વૈશ્વિક આરોગ્ય નીતિ હેઠળ 30 થી વધુ આફ્રિકન દેશો સાથે હસ્તાક્ષર કરાયેલા વ્યાપક આરોગ્ય ધિરાણ કરારોનો એક ભાગ હતો.

# US GERMANY WITHDRAW

સમાચાર એજન્સી સીબીએસ ન્યૂઝ અનુસાર ટ્રમ્પ વહીવટીતંત્ર જર્મનીમાંથી પાંચ હજાર અમેરિકન સૈનિકો પરત બોલાવવાની તૈયારી કરી રહ્યું છે. આ પગલું ઇરાન સંબંધિત અમેરિકન લશ્કરી કાર્યવાહીને લઈને અમેરિકા અને મુખ્ય યુરોપિયન સાથીઓ વચ્ચે વધતા તણાવ તરીકે જોવામાં આવી રહ્યું છે.

અમેરિકાના સંરક્ષણ વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નાટો સહયોગીઓ અને ખાસ કરીને જર્મનીની ભૂમિકાથી નાખુશ છે. જેના કારણે અમેરિકી સંરક્ષણ વિભાગ જર્મનીમાં તૈનાત તેના સૈનિકોની સંખ્યામાં આંશિક ઘટાડો કરવા યોજના બનાવી રહ્યું છે. હાલમાં જર્મનીમાં આશરે 36 હજાર અમેરિકી સૈનિકો તૈનાત છે. આ સાથે અમેરિકા યુરોપિયન કમાન્ડ, અમેરિકા આફ્રિકા કમાન્ડ અને રામસ્ટીન એર બેઝ જેવા મહત્વપૂર્ણ સ્થાપનોનું સંચાલન કરી રહ્યું છે.

# PUNJAB - FIR-PATHAK

પંજાબ પોલીસે રાજ્યસભા સાંસદ સંદીપ પાઠક વિરુદ્ધ બિનજામીનપાત્ર કલમો હેઠળ FIR દાખલ કરી છે. પાઠક તાજેતરમાં આમ આદમી પાર્ટીના છ અન્ય રાજ્યસભા સાંસદો સાથે ભાજપમાં જોડાયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પંજાબના બે અલગ અલગ જિલ્લાઓમાં બે FIR દાખલ કરવામાં આવી છે. જિલ્લાઓના નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી.

# IPL-CRICKET

IPL ક્રિકેટમાં આજે ચેન્નાઈના MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ સામે થશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઈકાલે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રમાયેલ મેચમાં દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સને સાત વિકેટથી હરાવ્યું.

226 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હી કેપિટલ્સે 19.1 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને 226 રન કર્યા હતાં. દિલ્હી કેપિટલ્સ માટે KL રાહુલે 40 બોલમાં 75 રન કર્યા જ્યારે પથુમ નિસાન્કાએ 33 બોલમાં 62 રન બનાવ્યા.

# J&K VANDE BHARAT EXPRESS TRAIN

જમ્મુ અને કાશ્મીર ખીણ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનો આજે સત્તાવાર રીતે પ્રારંભ થયો. ટ્રેન સવારે 6:20 કલાકે જમ્મુથી રવાના થઈ. કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે 30 એપ્રિલે ટ્રેનને લીલી ઝંડી આપીને આ સેવાનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે તેને જમ્મુ અને કાશ્મીર માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી હતી.વંદે ભારત એક્સપ્રેસ મુસાફરી જમ્મુ અને શ્રીનગર વચ્ચે કનેક્ટિવિટીને મજબૂત બનાવશે તેવી સંભાવના છે.